મેડીકલ સ્ટોર
જ હો આણંદ
તા. /૦૪/૨૦૨૬

સાદર રજુઃ-

વિષયઃ- હોસ્પિટલ ખાતેના જરૂરી EDL તથા NON-EDL આઇટમોના ભાવ કરાર કરી આપવા બાબત.

સવિનય ઉક્ત વિષય અનુસંધાને આપ સાહેબશ્રીને જણાવવાનું કે સરકારશ્રી ધ્વારા જિલ્લા કક્ષાની હોસ્પિટલ ખાતે EDL ની તમામ દવાઓ ,મિસલેનીયસ, તથા સર્જીકલ આઇટમો ઉપલબ્ધ રાખવાના સુચનો મળેલ છે.જેથી આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે EDL ની દવાઓ તથા હોસ્પિટલ ખાતે જરૂરી એવી EDL તથા NON-EDL આઇટમોના ભાવ કરાર કરવા જરૂરી છે જેથી નીચે મુજબની આઇટમોના ભાવ કરાર થવા અત્રેની પર્ચેસ કમીટી સમક્ષ સાદર રજુ.

| ક્રમ | ટેન્ડરનું નામ | વર્ષ ૨૬-૨૭માં થનાર અંદાજીત ખર્ચ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | EDL તથા NON-EDL મુજબ SURGICALS ITEMS | 9,80,000 | |

બીડાણઃ- ૧. EDL તથા NON- EDL મુજબ હોસ્પિટલ ખાતે જરૂરીયાત પ્રમાણે SURGICALS ITEMS ની યાદી..

ફાર્માસીસ્ટ　　આર.એમ.ઓ　　એનેસ્થેટીસ્ટ

વહિવટી અધિકારી　　સી.ડી.એમ.ઓ

Scanned with OKEN Scanner

ટેન્ડરની શરતો:-

1. પેઢી પાસે પાન કાર્ડ, જી એસ ટી સર્ટીફીકેટ,દવાનું લાઇસન્સ, અનુભવનું પ્રમાણપત્ર છેલ્લા ત્રણ વર્ષનું, છેલ્લા ત્રણ વર્ષ નું સી.એ.સર્ટીફીકેટ, શોપ એક્ટ લાઇસન્સ ફરજીયાત હોવુ જરૂરી છે. ટેન્ડર નંબર સાથે ટેન્ડરની તમામ શરતો મંજુર છે તેમજ અગાઉ રાખેલ સરકારી પેઢીમાં તેનું અને તેના ભાગીદારોનું નામ બ્લેક લીસ્ટ થયેલ નથી. નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી તેનું સોગંધનામુ રૂ.૧૦૦/- ના નોન જ્યુડીશ્યલ સ્ટેમ્પ ઉપર કરવું.
2. ટેન્ડરની શરતો મુજબના બધા જ દસ્તાવેજોની પ્રમાણીત નકલો ઓનલાઇન બીડવી ફરજીયાત છે. અન્યથા પ્રમાણપત્રોને અભાવે ટેન્ડર રદ્દ કરવામાં આવશે.
3. દવાઓ તથા ઇન્જેકશન યોગ્ય તાપમાન હેઠળ મોકલવાના રહેશે.તાપમાન માં ફેરફાર થવાના કારણોસર થતા દવાઓ તથા ઇન્જેકશન ખરાબ થાય તો પેઢીએ દવાઓ તથા ઇન્જેકશન બદલી આપવાની રહેશે.
4. પેઢીની કામગીરી સંતોષકારક હશે તો આ કરાર વધુ સમય લંબાવવા અંગે સરકારશ્રીના નિયમોનુસાર લંબાવી શકાશે.
5. સંબધિત પેઢીએ ઇ.એમ.ડી સી.ડી.એમ.ઓ.આણંદના નામનો નેશન્લ બેંકનો ડી.ડી. બનાવી સ્પીડ પોસ્ટ/આર.પી.એડી થી ટેન્ડરની સમયમર્યાદામાં મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બાદ મળેલ ટપાલ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
6. બીડમાં L1 પેઢી નક્કી થયેથી બાકીની તમામ પેઢીને ઇ.એમ.ડી પરત કરવામાં આવશે. તેમજ L1 પેઢી પાસેથી ઇ-પીબીજી(સીક્યુરીટી ડિપોઝીટ) સી.ડી.એમ.ઓ.આણંદના નામનો નેશન્લ બેંકનો ડી.ડી. બનાવી જમા કરાવ્યા બાદ જ વર્ક ઓર્ડર આપવામાં આવશે. ઇ.એમ.ડી/સીક્યુરીટી ડિપોઝીટમાં કોઇપણ જાતનું વ્યાજ મળવાપાત્ર નથી.
7. ગુજરાત સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તરફથી ડ્રગ-ઇન્સ્પેકટર દ્વારા દવાઓનો નમુનો લઇને નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવે તેમાનો નમુનો ઓછી ગુણવતાનો જણાશે તો તે માટેની સંપુર્ણ કાનુની કાર્યવાહીની જવાબદારી ઇજારદારની રહેશે.અને આ બાબતે જે-તે દિવસે સરકારશ્રીને થયેલ આર્થિક નુકશાનની ભરપાઇ પેઢી દ્વારા જે-તે માસમાં ચુકવણા અર્થે રજુ કરેલ બીલમાંથી કપાત કરવામાં આવશે.
8. પેઢી દ્વારા ભાવ તમામ ટેક્ષ સાથેનો ભરવાનો રહેશે.
9. પેઢી દ્વારા દર માસની ૫ તારીખ સુધીમાં બીલ ત્રણ નકલમાં રજુ કરવાનું રહેશે. સરકારશ્રીના નિયમોનુસાર બીલનું ચુકવણુ કરવામાં આવશે.

ફાર્મોસીસ્ટ

આર.એમ.ઓ

એનેસ્થેટીસ્ટ

વહિવટી અધિકારી

સી.ડી.એમ.ઓ

Scanned with OKEN Scanner

10. વર્ક ઓર્ડર મળ્યાના દિન-૧૦ સુધીમાં માલનો સપ્લાય કરવાનો રહેશે પેઢી દ્વારા સપ્લાય કરેલ માલ પર એક્સપાયરી ડેટ, બેચ નંબર, એમ.આર.પી, પર કોઇપણ જાતની ચેક-ચાક ચેડા કરેલ જણાશે તો તે માલ પરત કરવામાં આવશે તેમજદર અઠવાડિયા દીઠ બીલની રકમના 0.૫% કપાત કરવામાં આવશે.બીજી વાર શરતભંગ થયેથી ટેન્ડર રદબાતલ કરવામાં આવશે. તેમજ સીક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

11. ભાવ FOR મેડીકલ સ્ટોર વિભાગ જનરલ હોસ્પિટલ આણંદ રહેશે..FOR મેડીકલ સ્ટોર વિભાગ જનરલ હોસ્પિટલ આણંદના ભાવો નહી હોય તો ટેન્ડર રદ્દ થવાને પાત્ર રહેશે.

12. ટેન્ડરમાં મંગાવવામાં આવેલ ભાવ અંદાજીત વપરાશને આધારે મગાવવામાં આવે છે. અત્રેની જરૂરીયાત મુજબ આદેશ મળ્યેથી જ માલ મોકલવાનો રહેશે.

13. સરકારશ્રી દ્વારા ટેન્ડરમાં દર્શાવેલ માલ નો સપ્લાય કરવામાં આવશે તો પેઢી પાસેથી સદર માલ ખરીદ કરવામાં આવશે નહી.

ફાર્માસીસ્ટ          આર.એમ.ઓ          એનેસ્થેટીસ્ટ

વહીવટી અધિકારી          સી.ડી.એમ.ઓ

Scanned with OKEN Scanner